# ગાંધીનગરના વિવિધ વિસ્તારમાંથી ત્રણ એકટીવા અને બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં ફરીવાર વાહનચોર ટોળકી સક્રિય થઈ ગઈ છે. પેથાપુર, સમર્પણ કોલેજ, એસટી ડેપો અને સેક્ટર-૧૩ માંથી એકટીવા અને બાઈક ચોરીની ઘટનાઓ સામે આવી છે. પેથાપુર, સેક્ટર-૨૧ અને સેક્ટર-૭ પોલીસ મથક વિસ્તારમાંથી બાઈક ચોરી થતા પોલીસમાં દોડાદોડી વધી ગઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વાહનચોરીની ફરીયાદો ઉઠતી બંધ થઈ ગઈ હતી. ત્યારે વાહન ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ચોર ટોળકીએ સેકટરના રહેણાંક, એસટી ડેપો તેમજ ભીડભાડવાળા વિસ્તારમાં પાર્ક કરેલા વાહનોને નિશાન બનાવ્યા છે.ત્યારે પેથાપુર દિપામાતાના મંદિર પાસે અરવિંદ રબારીના મકાનમાં ભાડે રહેતા મંગલસિંહ સરદારસિંહ સોલંકીનું જી.જે.૦૧.પી.આર.-૩૫૨૬ ઘર પાસે પાર્ક કરેલું એકટીવાની ચોરી થઈ હતી.

રાજસ્થાનના મંગલસિંહ છેલ્લા ત્રણ વર્ષથી રહે છે અને રસોડાના કોન્ટ્રાકટર છે. ગત તા.૭ ડિસેમ્બરના રોજ સવારે ઉઠીને સેકટર-૨૧ખાતે સગડા રીપેરીંગ માટે ગયા હતા. સગડા રીપેર કરાવી પેથાપુર પરત આવ્યા હતા. ત્યારે ઘરમાં સગડા મુકીને જોયુ તો કોઈ વ્યકિત તેમનુ એકટીવા દોરીને લઈ જઈ રહ્યો હતો. આસપાસનો કોઈ વ્યકિત લઈ ગયુ હશે તેમ માની શોધખોળ આદરી હતી પરંતુ એકટીવા મળી ન આવતા રૂ. ૭ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં સેકટર-૨૮ ખાતે બીએ સેમ-૬ માં અભ્યાસ કરતી યુવતિ એકટીવા નં. જી.જે.૧૮.ડી.એફ.-૨૨૭૦ લઈ કોલેજ ગઈ હતી. જયારે કોલેજ થી છુટીને સવારે ૧૧ વાગે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પરથી એકટીવાની ચોરી થઈ ગઈ હતી. એકટીવાની કોલેજ તેમજ આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી પરંતુ મળી ન આવતા આખરે રૂ.૩૫ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

જયારે શહેરના સેકટર-૧૩ પ્લોટ નં. ૫૮૪-૧ ખાતે રહેતા રાજેશ ચૌહાણ સિવિલ હોસ્પિટલમાં ખાનગી એજન્સીના કર્મચારી તરીકે કામ કરે છે. રાજેશ પાસે હોન્ડા અકેટીવા નં.જી.જે.૧૮.સી.પી.-૪૩૬૫ છે. રાજેશ એકટીવાનો ઉપયોગ સિવિલ નોકરી પર આવવા જવા માટે કરતો હતો. ત્યારે સિવિલ ખાતે નોકરી પૂરી કરીને સાંજે સાડા સાત વાગે રાજેશ ઘરે ગયો હતો અને ત્યાં ઘર પાસે ખુલ્લી જગ્યામાં વાહન પાર્ક કર્યું હતું. જયારે બીજા દિવસે સવારે ઉઠીને જોયુ તો વાહન પાર્ક કરેલી જગ્યા પર ન હતું.

જેથી કોઈ ચોર શખ્સે રાત્રીના અંધકારમાં એકટીવા ચોરીને અંજામ આપ્યો છે.શહેરમાં પડી રહેલી ઠંડીને પગલે નગરજનો ઘરમાં પુરાઈ જાય છે.ત્યારે ચોર શખ્સોને ચોરીને અંજામ આપી સરળતાથી નીકળી જતા હોય છે. જેથી રાજેશ ચૌહાણે પણ એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જયારે શહેરના એસટી ડેપોમાંથી પણ પ્લેટ ફોર્મ નં.૧ ની સામે ખુલ્લી જગ્યામાંથી બાઈકની ચોરી થવા પામી છે.શહેરના સેકટર-૬ વીર ભગતસિંહ નગર ખાતે રહેતા શશાંક સુજીતકુમાર જાની પોતાના કામ માટે બાઈકનો ઉપયોગ કરે છે. બાઈક નં.જી.જે.૧૦.સી.એફ.- ૨૩૧૪ એસટી ડેપો ખાતે પ્લેટફોર્મ નં.૧ની સામે જગ્યામાં બાઈક પાર્ક કરીને યુવક અમદાવાદ ખાતે કામઅર્થે ગયો હતો.જયારે અમદાવાદ થી યુવકે આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું.જેથી યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તમે ભલે ચુંટણીમાં હારીને નવરા થઇ ગયા...
પરંતુ એથી અમે તમને બેરોજગાર ભથ્થુ ન આપી શકીએ...!!

## વલાદ ગામે મજુરોને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરીયાદ

ગાંધીનગર, તા.૧૧

મહેશજી ગોર તેમજ તેમના પત્ની ગઈકાલે સાંજના સુમારે વલાદ ગામે ખેતરમાં હતા.

તે સમયે બાજુની જમીનમાં ફરીયાદી અનિલ સિંધલ પણ હાજર હતા. જયારે અનિલની જમીનનું કામ રવિ પટેલ સંભાળે છે. ત્યારે રવિ પટેલ તેમજ મજુરો સાથે ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના નવા નરાડોના સર્જન બંગ્લોઝ ખાતે રહેતા અનિલભાઈ નાજાભાઈ સિંધલ પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરે છે. ગઈકાલે બપોરના એક વાગ્યાના અરસામાં અનિલભાઈ વલાદ ગામે ખેતરે ગયા હતા.તે સમયે તેમની જમીનનું કામકાજ સંભાળતા રવિ પટેલ મજુર સાથે ખેતીકામ જઈ રહ્યા હતા. તે સમયે બાજુમાં રહેલા ખેતરવાળા મહેશજી સંતુજી ગોર તેમજ તેમના પત્ની આવી પહોંચીને અવાજ થતો હોવાથી કામ બંધ કરો તેમ કહી વિના વાંકે મહેશજી ગોર એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. તેઓએ ઉશ્કેરાઈ જઈને ગાળાગાળી કરી ને કહેતા હતા કે કામ બંધ કરી દો અને અહીંથી નીકળી જાવ તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. ત્યારે પોલીસે પણ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સિવિલમાંથી બિમાર ભાઈની ખબર પુછવા આવેલા ભાઈની રીક્ષા ચોરાઈ

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૧૨ સિવિલ હોસ્પિટલ ના પાર્કિંગમાંથી રીક્ષાની ચોરી થવા પામી છે.

સવારના સમયે ભાઈની ખબર-અંતર પુછવા માટે આવેલા ભાઈની રીક્ષાની ચોરી ગણતરીના સમયમાં થઈ છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કડીના ચારોલ ગામના ઠાકોરવાસ ખાતે પરબતજી ચેહરાજી ઠાકોર પરિવાર સાથે રહે છે અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરીયાદીએ પાંચ માસ અગાઉ નિકોલના ઈમ્તિયાઝભાઈ મનસુરી પાસેથી રીક્ષા નં. જી.જે.૦૧.સી.ઝેડ-૬૯૭૪ વેચાણથી લીધી હતી. આ રીક્ષાનો ઉપયોગ પેસેન્જરોમાં કરતો હતો.

ગત તા. ૨૮-૧૧-૨૨ ના રોજ પરબતજીના મોટાભાઈ બિમાર હોવાથી ગાંધીનગર સિવિલ સારવાર માટે એડમીટ કર્યા હતા.

જેથી ફરીયાદી પણ સવારે સિવિલ પહોંચી ગયા હતા.

રીક્ષા પાર્કિંગમાં પાર્ક કરી તેઓ ખબર પુછવા માટે ગયા હતા. તેઓએ પરત આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર રીક્ષા ન હતી.જેથી આસપાસના વિસ્તારમાં રીક્ષા અંગે શોધખોળ કરી હતી. પરંતુ રીક્ષા મળી ન આવતા આખરે રૂ.૪૦ હજારની રીક્ષા ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## છત્રાલમાં ટ્રેક્ટરની પાછળ ગાય બાંધી અમાનીય કૃત્ય આચરાયુ

### ડ્રાઈવરે ટ્રેક્ટરની પાછળ ગાય બાંધીને દોડાવતો હોવાનો વિડીયો વાયરલ થતાં ચકચાર

ગાંધીનગર, તા. ૧૧

કલોલ તાલુકાના છત્રાલ વિસ્તારમાં ટ્રેક્ટરની પાછળ ગાય બાંધીને અમાનવીય કૃત્ય આચરવામાં આવતો હોવાનો વીડિયો વાયરલ થયો છે. આ વીડિયો વાયરલ થતાં સૌ કોઈ ફિટકારની લાગણી વરસાવી રહ્યા છે.

છત્રાલના એક વિસ્તારમાં ગાય સાથે થયેલા અમાનવીય કૃત્યનો વીડિયો વાયરલ થયો છે. ટ્રેક્ટર નં. જીજે-૧૮-બી-૩૪૧૩ની પાછળ એક કાળી ગાયને બાંધવામાં આવી છે.

ગાયને બાંધ્યા બાદ ટ્રેક્ટરનો ચાલક તથા પાછળ બેઠેલા બે વ્યક્તિઓ ગાયને ઘસડીને લઈ જઈ રહ્યા છે. ગાયને આવી રીતે ઘસડીને લઈ જવાતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા છે.

વીડિયોમાં જોવા મળી રહ્યુ છે કે ગાય વારંવાર થાકીને બેસી જાય છે તેમ છતાં આ વ્યક્તિઓ અટકવાનુ નામ નથી લેતા. ગાય ખૂબ જ લાચારીનો અનુભવ કરી રહી હોવાનુ પણ દેખાઈ રહ્યુ છે. ગાય સાથે આચરવામાં આવેલા અત્યાચાર મામલે ગુન્હો નોંધવામાં આવ્યો છે.

પોલીસે વીડિયોના આધારે તપાસ શરૂ કરી છે.

ગાય સામે ક્રૂરતા આચરવા બદલ ત્રણ વ્યક્તિઓ સામે પશુ ક્રૂરતા અધિનિયમ હેઠળ ગુન્હો નોંધાયો છે.



સેક્ટર-૧૧ ના કોમર્શિયલ વિસ્તારમાં રોડ બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે. અખબારભવનને જોડતો રોડ વરસાદમાં ખૂબ બિસ્માર થઈ ગયો હોવાથી હાલમાં અહીં નવો રોડ બનાવવામાં આવી રહ્યો છે.

## રણાસણ સર્કલ યારો કા કાફેમાં મોડી રાત્રે મેનેજરને બે યુવકોએ માર માર્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના રણાસણ સર્કલ રીંગરોડ પાસે યારો કા કાફે ખાતે ગતરોજ રાત્રીના સુમારે બે શખ્સો નાસ્તો કરવા આવ્યા હતા. નાસ્તાના ઓર્ડરમાં મોડુ થતા કાફેના મેનેજર સાથે ગાળાગાળી કરી હતી. તે ઉપરાંત ટેબલ પર રહેલ કાચનો કાચબો તેમજ મૂર્તિ અને ખુરશીઓ માથાના ભાગે મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી જતો રહ્યો હતો. જેથી કાફેના મેનેજરે એક શખ્સ સામે ફરીયાદ નોંધાવતા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ગોરવંટા ગામના જોડીયાવાસ ખાતે કલ્પેશજી શકરાજી ઠાકોર પરિવાર સાથે રહે છે અને રણાસણ યારો કા કાફે મા મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે રાત્રીના બે વાગ્યાના સુમારે યારો કા કાફે માં હાજર હતા. તે સમયે સંદિપ મહેન્દ્ર પટેલ અને અન્ય એક યુવક નાસ્તો કરવા માટે આવ્યા હતા અને નાસ્તાનો આર્ડર આપ્યો હતો.ત્યારબાદ થોડીવાર પછી મેનેજરને કહ્યું કે હજુ સુધી કેમ નાસ્તો આપતા નથી. જેથી ફરીયાદીએ કહ્યું કે થોડીવાર લાગશે. જેને પગલે સંદિપ ફરીયાદી પર એકદમ ઉશ્કેરાઈ જઈને જેમ ફાવે તેમ ગાળો બોલવાની ના પાડી હતી. જેથી એકદમ ઉશ્કેરાઈ જઈને ટેબલ પર મુકી રાખેલા કાચનો કાચબો તેમજ મૂર્તિ મારી દીધી હતી. માથામાંથી લોહી નીકળતા અન્ય કર્મચારીઓ આવી જતા વધુ મારમાંથી છોડાવ્યા હતા. ત્યારબાદ ૧૦૮ બોલાવી સારવાર માટે ઈજાગ્રસ્તને લઈ ગયા હતા. જયારે બનાવ અંગે પોલીસે ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



હાલમાં જ્ઞાતિ સંમેલનો અને સ્નેહમિલન કાર્યક્રમોની મોસમ જામી છે. યોગ પરિવાર, સેક્ટર-૫ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો જેમાં યોગ પરિવારના સભ્યો અને વડીલો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

●આજે રાજયના મુખ્યમંત્રીના શપથવિધિ સમારોહમાં ખાસ આવી રહેલા પ્રધાનમંત્રી મોદીના સ્વાગતના હોર્ડિંગ્સ શહેરમાં લગાવવામાં આવ્યા છે.

●ગાંધીનગરમાં સચિવાલયના હેલિપેડ ખાતે યોજાનાર શપથવિધિ સમારોહને લઈ સચિવાલય અને આસપાસમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

●શપથવિધિ સમારોહને લઈ આજે આમંત્રણ પત્રિકાઓના વિતરણની કામગીરીમાં જિલ્લાનુ તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.

●ગાંધીનગર શહેર-જિલ્લામાં ઠંડીનો માહોલ જામતાં રવિ સીઝનની વાવણી તેના અંતિમ તબક્કામાં પ્રવેશી છે.

●ગાંધીનગર શહેરમાં જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓ સામે આવી રહી છે.

●સે. ૨૭માં આજે ડહોળુ પાણી આવતાં વસાહતીઓમાં રોષની લાગણી જન્મી છે.

●આજે સે. ૭ના બગીચામાં સંસ્કાર ગૃપ દ્વારા બાળકો અને વાલીઓને પશુ, પંખી અને પર્યાવરણ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

●દહેગામના જીવરાજના મુવાડાની પ્રા. શાળામાં સ્થાયી ઊર્જા અંગેના કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

●ગજાનન સેવા સમિતિ દ્વારા આશ્રમશાળાના બાળકોને અભ્યાસની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

●જન શિક્ષણ સંસ્થાન દ્વારા માણસા તાલુકાના ચાંદીસણા ગામે વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી કરાઈ હતી.

●સે. ૨૨માં ગટર ઉભરાવવાની સમસ્યા પુનઃ દેખાઈ છે.

●ગાંધીનગર શહેરના બે બુથ એવા છે જેમાં ભાજપ-કોંગ્રેસ કે આપને ત્રણ આંકડામાં મત મળ્યા નથી. સે. ૯ અને સે. ૧૨માં આ બુથ છે.

●ગાંધીનગર શહેરમાં હજુ પણ ડેન્ગ્યુના છુટા છવાયા કેસો મળી રહ્યા છે.

## સત્યાર્થી ફાઉન્ડેશન દ્વારા અનુ.જાતિના પ્રતિભા સંપન્ન નાગરિકોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૧૧

સત્યાર્થી ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા અનુસૂચિત જાતિ સમાજના પ્રતિભા સંપન્ન નાગરિકોનુ સન્માન કરવામાં આવશે. સામાજિક, શૈક્ષણિક, રાજકીય, રમતગમત, કલાક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર પ્રતિભા સંપન્ન નાગરિકોનું સન્માન કરાશે. અનુસૂચિત જાતિ સમાજના વિશિષ્ટ પ્રતિભા ધરાવતા નાગરિકોને સંસ્થાના કાર્યાલય પ્લોટ નં. ૧૫૬૭/૨, સેક્ટર-૨-સી ખાતે પોતાની વિગતો પહોંચાડવા જણાવાયુ છે. આ ઉપરાંત નિમેષ વાઘેલા (ફોન નં. ૯૯૦૪૬૧૪૭૭૦) પર સંપર્ક સાધી શકાશે.

## એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કુલના વિદ્યાર્થીઓ સાયન્સ સીટીની મુલાકાતે



ગાંધીનગર, તા.૧૧

વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગલિશ મીડીયમ સ્કુલના વિદ્યાર્થીઓને સાયન્સ સીટીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની અવલોકન શક્તિનો વિકાસ થાય, વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત થાય, વિજ્ઞાન વિષય પ્રત્યે રુચિ વધે, નિર્ણાયક વિચારશીલતા વધે, સાથીદારો સાથે મિત્રતા કેળવાય, અને જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તૃત કરવાના હેતુથી વિદ્યાર્થીઓને સાયન્સ સીટીની ટ્રીપ પર લઈ જવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓને ઘણું શીખવા મળ્યું હતું. સ્કૂલ ટ્રીપનો અનુભવ એ બાળકો માટે ખૂબ જ આનંદિત સમય હોય છે તો મિત્રો સાથે તથા શાળાને શિક્ષકો સાથે કરવામાં આવેલ આ ટ્રીપમાં બાળકોને અનેરો આનંદ મળ્યો હતો

## 'મા નર્મદાની પરિક્રમા' પુસ્તકનું શહેરમાં લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૧

પ્રાચીન કાળથી અનેકાનેક દેવી દેવતાઓ, ઋષિમુનિઓ, રાજાઓ તથા સંતો મહંતોએ તપશ્ર્ચર્યા કરી છે. તેવી નદીની પરિક્રમા સંદર્ભે સ્વાનુભવ રજૂ કરતું શ્રી કૃષ્ણકુમાર રાણા લેખિત




પુસ્તક મા નર્મદાની પરિક્રમાનું આજે ગાંધીનગર સમાચારના તંત્રીશ્રી કૃષ્ણકાંત જહાએ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી જયેન્દ્રસિંહ જાદવની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યુ હતું.

આ પ્રસંગે કૃષ્ણકાંત જહાએ ભાગ્યવાન માનવીઓ જ આવી વિકટ યાત્રાઓ કરી શકે તેમ જણાવી લેખકના અનુભવો અન્ય લોકો માટે પણ પ્રેરક અને સાત્વિક સંભારણું બની રહેશે તેમ કહ્યું હતું. આ પુસ્તક પરિક્રમા કરવા ઈચ્છનારને માર્ગદર્શન રૂપ નિવડશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી. શ્રી કૃષ્ણકાંત જહાએ યાત્રાઓ માનવીના જીવનનું મહત્વ મહત્વનું અંગ છે તેમ જણાવી ગાંધીનગર શહેરની સાંસ્કૃતિક ધરોહર સમાન પુસ્તક પ્રકાસનોની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તેમણે આ પુસ્તકના સહાયક કુ. પ્રજ્ઞા પટેલને પણ અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી જયેન્દ્રસિંહ જાદવે નર્મદા નદીનું મહાત્મય દર્શાવી હિમાલય પહેલા પણ વિંધ્યાચલ પર્વત હતો અને શિવજીની પુત્રી નર્મદાનું અવતીર્ણ વિંધ્યાચલના મેકલ પર્વત પરથી થયું તેમ જણાવ્યું હતું. નર્મદા એટલે આનંદ આપનાર એમ શબ્દાર્થ કરીને તેમણે નર્મદા નદીને સિંધુ અને નાઈલ કરતા પણ વિશે સંસ્કૃતિમય અને પુરાણોમાં જેનો ઉલ્લેખ વારંવાર થયો છે કેવી નદી ગણાવી હતી. તેમણે નર્મદા નદીને અતિ પુરાતન કાલીન ગણાવી તેના સ્મરણ માત્રથી પવિત્ર થઈ જવાય છે તેમ કહ્યું શ્રી કૃષ્ણકુમાર રાણાને પરિક્રમા કરવા બદલ સદભાગી ગણાવ્યા હતા ગુજરાતી સાહિત્યમાં કાકા સાહેબ કાલેલકર, ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણી સહિત અનેક લેખોકોએ નર્મદા નદીનું વર્ણન કરતા પુસ્તકો લખ્યા છે. જોકે મધ્યપ્રદેશમાં નર્મદા અંગે ૮૦૦૦ પુસ્તકો લખાયા છે જ્યારે ગુજરાતમાં નર્મદા જીવા દોરી હોવા છતાં ૮૦૦ ની આસપાસ જ પુસ્તકો લખાયા હોવાનો ઉલ્લેખ કરીને આ અંગે વધુ સંશોધનાત્મક સાહિત્ય પ્રકાશિત થાય તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. પ્રારંભમાં શ્રી કૃષ્ણકુમાર રાણાએ નર્મદાની પરિક્રમા વિશે વિસ્તૃત વિગતો આપી પરિક્રમાના અનુભવો અને રસ્તાની જાણકારી વિશે માહિતીપ્રદ વાત કરી હતી તેમણે આ પુણ્ય કાર્ય બદલ સમગ્ર પરિવાર તેમજ પ્રકાશનમાં સહાયક પ્રજ્ઞાબેન પટેલ નો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગરના જિલ્લા સરકારી વકીલ શ્રી હિતેશ રાવલ, નિવૃત્ત બેંક કર્મચારીઓના એસો. પ્રમુખ અશોક રીંડાણી અને કાઉન્સિલર શ્રી તુષાર પરીખ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી રાણાના જીવન પર વિસ્તૃત વાત કરી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન જેમણે નર્મદા પરિક્રમા પગપાળા કરવાનું સદભાગ્ય મળ્યું છે તેવા માહિતી ખાતાના નિવૃત્ત અધિકારી અને આત્મન ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી પ્રજ્ઞાબેન પટેલે કર્યું હતું આ પ્રસંગે પાટનગરના સાહિત્ય પ્રેમીઓ અને ભાવકો મોટી જન સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.જાની ગિરીશકુમાર રમણલાલ ઉ.વ.૬૭, સેક્ટર-૨૬
- સ્વ.પ્રજાપતિ કનૈયાલાલ અસ્લાજી ઉ.વ.૫૭, વાવોલ
- સ્વ.પરમાર સુરેશકુમાર ધુળાભાઈ ઉ.વ.૪૮, બોરીજ
- સ્વ.સોલંકી નિકિતાબેન રણજીતસિંહ ઉ.વ.૧૪, આલમપુર
- સ્વ.વાઘેલા સજ્જનબા ઈશ્વરજી ઉ.વ.૬૮, નવા પીંપળજ
- સ્વ.સોલંકી કિરણજી બાબુજી ઉ.વ.૨૮, આલમપુર
- સ્વ.દંતાણી ચંપાબેન ખોડાભાઈ ઉ.વ.૭૨, પેથાપુર
- સ્વ.પુરબીયા ભુપતભાઈ રામજીભાઈ ઉ.વ.૫૬, સેક્ટર-૨૦, છાપરાં

● રૂદ્રભૂમિ ●

- સ્વ.ભટ્ટ ઈન્દુમતી રજનીકાંત ઉ.વ.૭૯, સેક્ટર-૩/ન્યુ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧